ગણિતશાસ્ત્ર
Mathematics
(211)
શિક્ષક દ્વારા અંકિત મૂલ્યાંકન કસોટી
Tutor Marked Assignment

કુલ ગુણ :20
Max Marks: 20

સૂચના : (1) બધાજ પ્રશ્નો ના ઉત્તર આપવા જરૂરી છે દરેક પ્રશ્નો ના ગુણ તેની સામે આપેલા છે.

(2) ઉત્તરવહી ના પ્રથમ પાનાં ઉપર તમારું નામ. અનુક્રમ નંબર ,અધ્યયન કેન્દ્ર નું નામ અને વિષય સારા અક્ષરો માં લખો .

પ્રશ્ન 1. નિમ્નલિખિત પ્રશ્નોમાંથી ગમે તે એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો. (૨)

(a) કોઈ એક નિશ્ચિત દિવસે લેહનું તાપમાન શૂન્ય થી $9^0$ સે. ઓછુ હતુ જ્યારે અમૃતસર નું તાપમાન શૂન્યથી $1^0$ સે. વધુ હતુ. તે જ સમયે માઉન્ટ આબુનું તાપમાન $\sqrt{2}^0$ સે. હતુ આ ત્રણેય સ્થાન ના તાપમાન ને સંખ્યારેખા પર દર્શાવો.(જુઓ પ્રકરણ-1)

(b) એક લંબચોરસ કાગળનું માપ 44 સેમી.x 18 સેમી. છે. તેને લંબાઇ ના આધારે વાળી ને નળાકાર બનાવવામાં આવે છે. તો આ નળાકારનું કદ શોધો. (જુઓ પ્રકરણ-21)

પ્રશ્ન 2. નિમ્ન લિખીત પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્નનોઉત્તરઆશરે 40-60 શબ્દો માં આપો. (૨)

(a) ચતુષ્કોણ PQRS ના વિકર્ણો એકબીજાને દુભાગે છે. જો $\angle P=40^0$ હોય તો $\angle Q$ નું માપ શોધો. (જૂઓ પ્રકરણ-13)

(b) બિંદુઓ (1, 3) તથા (2, 7)ને જોડતી રેખાને 3x + Y = 0 રેખા કયા ગુણોત્તર માં વિભાજીત કરે છે?. (જુઓ પ્રકરણ-19)

પ્રશ્ન 3. નિમ્નલિખીત પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દોમાં આપો. (2)


(a) એક લંબચોરસની લંબાઇ તેની પહોળાઈ ના બમણાથી 12મીટર વધુ છે. લંબચોરસ નું ક્ષેત્રફળ 320 ચો.મીટર છે. લંબચોરસની લંબાઇ તથા પહોળાઈ શોધવા માટેનું સમીકરણ લખો. તથા લંબચોરસની લંબાઇ તથા પહોળાઈ પણ શોધો.

(b) એક બગીચાની વચ્ચે બે લંબચોરસ રસ્તા છે. (આકૃતિ માં દર્શાવ્યા મુજબ) આ રસ્તા નું ક્ષેત્રફળ શોધો. આપેલી માહિતી. (જુઓ પ્રકરણ-20)

AB=CD=100મી.

AD=BC=70મી.

HE=SR=5મી.




P Q B

પ્રશ્ન 4. નિમ્ન લિખીત પ્રશ્નો માંથી કોઇ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-150શબ્દો માં આપો. (4)

(a) કમલા એ વ્યાપાર માં રૂ.8000 નું રોકાણ કર્યુ. તેને રોકાણ પર વાર્ષિક 5% ના દરે ચક્રવૃધ્ધિ વ્યાજ ચુકવાનું રહેશે. જો વ્યાજ વાર્ષિક ગણવામાં આવે તો

(1) બીજા વર્ષના અંતે તેના ખાતામાં જમા થયેલ રાશિ જણાવો.

(2) ત્રીજા વર્ષનું વ્યાજ ગણો. (જુઓ પ્રકરણ-8 તથા 9)

(b) કોઈ એક ત્રિકોણમાં એક ખુણાનો દ્વિભાજક તેની સામેની બાજુને દ્વ:ભાગે છે. તો સાબિત સકો કે ત્રિકોણ સમદ્વિબાજુ ત્રિકોણ છે.(જુઓ પ્રકરણ14)

પ્રશ્ન 5. નિમ્ન લિખીત પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-150 શબ્દોમાં આપો. (4)

(a) એક સમાંતર શ્રેણી ના છઠ્ઠા પદના છ્ ગણા તથા નવમા પદ ના નવ ગણા એક સરખા છે. તો સાબિત કરો કે આ શ્રેણી નું પંદરમું પદ શૂન્ય છે. (જુઓ પ્રકરણ-7)

(b) 30 મી. ઉંચા એક ટાવરની ટોચનો ઉત્સેધ કોણ બીજ ટાવરના તળીયાથી $60^o$ કે. તથા આ જ સમતલ પર થી પહેલા ટાવરના તળીયા થી બીજા ટાવરની ટોચનો ઉત્સેધ કોણ $30^o$ છે. તો બંને ટાવર વચ્ચેનું અંતર શોધો તથા બીજ ટાવર ની ઉંચાઈ શોધો.(જુઓ પ્રકરણ-23)

પ્રશ્ન 6. નીચે જણાવેલા બે પ્રોજેક્ટ માંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો. (6)

(a) તમારી આસપાસના વિસ્તાર/ગામ માંથી 50 ઘરોનો સર્વે કરી વસ્તી તથા ઘરદીઠ આવક વિશે માહિતી મેળવો.

1) આપેલ કુટુંબ ના સભ્યોની માહિતી ને આવૃતિ આધરિત કોષ્ટક સ્વરૂપે દર્શાવો.

2) સરેરાશ પરિવાર સંખ્યા ની ગણતરી કરો. નિશ્ચિત પરીવાર સંખ્યા કરતાં વધુ કેટલાં કુટુંબો છે તે જણાવો.

3) ઉચ્ચતમ પગાર ધરાવતા 10 કુટુંબો માટે સ્તંભ આલેખ તૈયાર કરો. (જુઓ પ્રકરણ-24 તથા 25)

(b) આ વર્ષ માં યોજનારી કોઈ એક ક્રિકેટ મેચ નું અવલોકન કરો. એક રીપોર્ટ તૈયાર કરો જેમાં નિમ્નલિખીત બાબતો આધારીત બંને ટીમોની સરખામણી કરો.

1) પ્રત્યેક ખેલાડી દ્વારા બનાવેલા રન
2) બંને ટીનના પ્રતિ ઓવર સરેરાશ રન
3) દરેક બોલર, જેમણે બોલીંગ કરી તેમનો રન દર
4) પ્રત્યેક બેટ્સમેન જેણે બેટીંગ કરી તેમનો રન દર
5) જીતનાર ટીમ ના સૌથી વધુ રન બનાવનાર 5 બેટ્સમેન માટે સ્તંભ આલેખ બનાવો.
(જુઓ પ્રકરણ 24 તથા 25 )

વિજ્ઞાન અને પ્રૌધ્યોગિકી

Science and Technology

(212)

શિક્ષક દ્વારા અંકિત મૂલ્યાંકન કસોટી

Tutor Marked Assignment

કુલ ગુણ :20

Max Marks: 20

---

સૂચના : (1) બધાજ પ્રશ્નો ના ઉત્તર આપવા જરૂરી છે દરેક પ્રશ્નો ના ગુણ તેની સામે આપેલા છે.

(2) ઉત્તરવહી ના પ્રથમ પાનાં ઉપર તમારું નામ. અનુક્રમ નંબર ,અધ્યયન કેન્દ્ર નું નામ અને વિષય સારા અક્ષરો માં લખો .

---

પ્રશ્ન 1. નિમ્નલિખિત પ્રશ્નોમાંથી ગમે તે એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો. (૨)

(a) મીરા જોઇ શકતી નથી. તે તેની માતાને કોઇ મેહમાન સાથે વાત કરતા સાંભળે છે. માત્ર મેહમાન નો અવાજ સાંભળીને તે ઓળખી લે છે કે મેહમાન તેના મામા છે. ધ્વનિના એવા લક્ષણો ના નામ જણાવો કે જેના આધારે તેને ઓળખ થાય છે કે આવનાર મેહમાન

(૧) પુરુષ છે તથા (૨) તે પુરુષ તેના મામા છે. (જુઓ પ્રકરણ 18)

(b) રામ ને સખત તાવ આવ્યો છે. તેની માતા સેલ્સીયસ થર્મોમીટર થી તેના શરીર નું તાપમાન માપે છે. જે 39· સે. જણાય છે. ડોક્ટર ના દવાખાને જતા પહેલા તે આ તાપમાન ને ફેરન્હીટ માપન માં જાણવા માંગે છે. ફેરન્હીટ માપનમાં આ તાપમાન ને ફેરવવામાં તેમની મદદ કરો. (જુઓ પ્રકરણ-18)

પ્રશ્ન 2. નિમ્ન લિખીતપ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો. (૨)

(a) એક તત્વની સંયોજકતા +3 છે. (જૂઓપ્રકરણ-6)

1) તેના ફોસ્ફાઇડ નું સૂત્ર લખો.
2) તેના કાર્બોનેટ નું સૂત્ર લખો.
3) તેના નાઈટ્રેટ નું સૂત્ર લખો.
4) તેના બોરેટ નું સૂત્ર લખો.

(b) 1) 0.5 મોલ પાણી માં રહેલા અણુઓની સંખ્યાની ગણતરી કરો.

2) સોડિયમ કાર્બોનેટ ડેકા હાઈડ્રેટ ($Na_2CO_3$-$10H_2O$) ના આણ્વીય દળ ની ગણતરી કરો.

પ્રશ્ન 3. નિમ્નલિખીતપ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દોમાં આપો. (2)

(a) માનવ શરીરમાં શ્વસન માટે ફેફસાં, સ્ત્રાવ માટે ગ્રંથીઓ, સંશ્લેષણ માટે યકૃત તથા તત્વોના વિતરણ માટે રૂધિર છે. આ ચારેય પ્રક્રિયાઓ માટે કોષોના કયા કયા ભાગ (કોષિકાઓ) જવાબદાર છે? (જુઓ પ્રકરણ્-21)

(b) એક ખોરાક શૃંખલા ની રચના કરો તથા તેના દ્વારા ઉર્જા તથા ખાધ્ય પદાર્થોનું વહન દર્શાવો.
(જૂઓ પ્રકરણ- 29)

પ્રશ્ન 4. નિમ્ન લિખીત પ્રશ્નો માંથી કોઇ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-150શબ્દો માં આપો. (4)

(a) કોઈ એક પદાર્થ નું દળ 25 કિ.ગ્રા. છે. તેનું વજન પૃથ્વી પર ન્યુટન(એકમ) માં કેટલું થશે? આ પદાર્થને એવા ગ્રહ પર લઈ જવામાં આવે છે જે ગ્રહનું દળ પૃથ્વી કરતાં બમણું તથા તેની ત્રિજ્યા પૃથ્વી કરતાં અડધી છે. તો આ ગ્રહ પર આપેલા પદાર્થનું દળ તથા વજન કેટલું થશે?તેની ગણતરી કરો. (પૃથ્વી ની સપાટી પર g નું મૂલ્ય 10 $^{મી}/_{સે}$ 2) (જુઓ પ્રકરણ-10)

(b) આપ આપની શાળા ની પ્રયોગશાળા માં ગયા છો તથા નિમ્નલિખીત વસ્તુઓ એકત્ર કરી છે.
(1) NaCl 2) CCl4 3) I2 4) નેપ્થેલીન 5) $MgCl_2$ 6) HCl 7) $C_2H_5OH$

* નિમ્નલિખીત પ્રશ્નોના ઉત્તર લખો.
1) આયનિય બંધ કઈ રીતે બને છે?
2) ઉપરોક્ત વસ્તુઓનું આયનીય કે સહ-સંયોજક સંયોજનો માં વર્ગીકરણ કરો.
3) પાણી માં દ્રાવ્ય સંયોજનો ની યાદી તૈયાર કરો.
4) NaCl (ધન) વિધ્યુત નો સુવાહક છે કે નહીં વર્ગીકરણ કરો.
5) NaCl (ધન) વિધ્યુત ણૉ સુવાહક છે કે નહીં?
6) આપેલ રસાયનો નું ધન તથા પ્રવાહી માં વર્ગીકરણ કરો.

પ્રશ્ન 5. નિમ્ન લિખીત પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-150 શબ્દોમાં આપો. (4)

(a) પ્રાણીઓમાં ત્રણ પ્રકાર ની સ્નાયુપેશીઓ હોય છે. રેખીય પેશીઓ હાથ માં, અરેખીય પેશીઓ જઠર ની દિવાલમાં તથા હદ પેશિઓ ર્હદયમાં આ પેશીઓની એવી વિશેષતાઓ જણાવો કે જે તેના સ્થાન પર તેની હાજરી ની યોગ્યતા દર્શાવે. ( જુઓ પ્રકરણ 7)

(b) નિમ્નલિખીત નો વૈશ્વિક ઉષ્ણતા (global warming) માં ફાળો જણાવો.

(1) ચરતી ગાય ભેંસો
(2) ખુબ જ વસ્તી ધરાવતા નગરો.
(3) કારખાના
(4) બળતા પદાર્થો (નકામા)

પ્રશ્ન 6. નીચે જણાવેલા બે પ્રોજેકટ માંથી કોઇ એક પ્રોજેકટ તૈયાર કરો. (6)

(a) નિમ્નલિખીત પ્રશ્નોના જવાબ આપો.
(1) “કોરોના વાયરસ” શું છે?
(2) કોરોના વાયરસ ના લક્ષણોની યાદી તૈયાર કરો.
(3) જો પરીવાર માં કોઇ “કોવિડ-19” ના કારણે બીમાર પડે તો આપણે શું કરવુ જોઇએ?
(4) સંક્રમણ ને રોકવા માટે જણાવેલા નિર્દેશો નું પાલન કરવું શા માટે જરૂરી છે?
(5) આપ સંક્રમણના જોખમથી કઇ રીતે બચી શકશો?

(b) અલગ-અલગ આકર નાં વિવિધ ચુંબક લો. જેમકે ગજીયો ચુંબક, નાળ ચુંબક, તથા સોયાકાર ચુંબક. એક ગજીયા ચુંબકને કાચ ની પાતળી તક્તી નીચે રાખો. આ તક્તી ની ઉપર લોખંડનો ભુકો નાંખી તેને થપથપાવો તથા બનતી ચુંબકીય રેખાઓ ની પરિસ્થિતી નું અવલોકન કરો. આ પરિસ્થિતી નો તમારા મોબાઈલ માં ફોટોગ્રાફ લો. અથવા એક કાગળ પર આશરે 10-12 ચુંબકીય રેખાઓ દર્શાવતી આકૃતી દોરો. આ પ્રવૃતિ નું પુનરાવર્તન નાળ ચુંબક તથા સોયાકાર ચુંબક માટે પણ કરો. નીચેના પ્રશ્નોના જવાબ આપો. (1) કયા ચુંબકીય ક્ષેત્ર માં ચુંબકીય રેખાઓ નજીક-નજીક જોવા મળે છે?

(2) ચુંબકીય રેખાઓ એકબીજા ને છેદે છે?

(3) અલગ-અલગ આકારનાં ચુંબકો માટે ચુંબકીય રેખાઓ ની આકૃતિ સમાન છે કે અલગ-અલગ?

(4) ચુંબકીય રેખાઓ જોવા માટે ની કોઈ અન્ય પધ્ધતિ દર્શાવો.

સામાજીક વિજ્ઞાન

Social Science

(213)

શિક્ષક દ્વારા અંકિત મૂલ્યાંકન કસોટી

Tutor Marked Assignment

કુલ ગુણ :20

Max Marks: 20

સૂચના : (1) બધાજ પ્રશ્નો ના ઉત્તર આપવા જરૂરી છે દરેક પ્રશ્નો ના ગુણ તેની સામે આપેલા છે.

(2) ઉત્તરવહી ના પ્રથમ પાનાં ઉપર તમારું નામ. અનુક્રમ નંબર ,અધ્યયન કેન્દ્ર નું નામ અને વિષય સારા અક્ષરો માં લખો .

પ્રશ્ન . 1 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઇ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો . 2.

a) મહાવીર ના કોઇ પણ બે આધારભૂત સિધ્ધાંતો નું વિશ્લેષણ કરો. તે વર્તમાન સમય સાથે કેવી રીતે સુસંગત છે તેમજ તમે તેને દૈનિક જીવન માં કેવી રીતે વણી શકશો ? ( જુઓપાઠ-1)
b) " ભૂગોળ ના જ્ઞાન વગર કોઈ પણક્ષેત્ર ના ઈતિહાસ અને પુરાતત્વ નો અભ્યાસ અધૂરો છે ." સમજાવો. .( જુઓપાઠ-0)

પ્રશ્ન .2 નીચે આપેલાપ્રશ્નો માંથી કોઇ પણ એકપ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો . 2

a) ભારત ભૌતિક વિવિધતા ધરાવતો દેશ છે . ભારતના ઉત્તર વિભાગ માં આવેલ કોઈ એક રાજ્ય ના ભોતિક લક્ષણો ની દક્ષિણ વિભાગ ના કોઇ એક રાજય સાથે તુલના કરો. ( જુઓ પાઠ 9)
b) રાજસ્થાન માં દેશ ના અન્ય રાજ્યો ની સરખામણી એ વરસાદ નું પ્રમાણ ઓછું જોવા મળે છે . જો રાજસ્થાનમાં ભારત નો સૌથી વધુ વરસાદ થાય તો અહીંયા કેવી પરસ્થિતિ ઊભી થાય ? ( જુઓ પાઠ 10)

પ્રશ્ન .3 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઇ પણ એકપ્રશ્ન નો ઉત્તર આશરે 40 – 60 શબ્દો આપો . 2

a) ભારત માં મુક્ત અને નિષ્પક્ષ ચુંટણી યોજવા તાકીદે બે ચુંટણી સુધારા ઓ જણાવો . ( જુઓપાઠ 22)
b) સ્થાનિક સરકાર માં મહિલા અનામત ની મોટી અસર ની સૂચી તૈયાર કરો.( જુઓ પાઠ 18)

પ્રશ્ન .4 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઇ પણ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100 – 150 શબ્દો માં આપો. 4

a) ચીન ના ચીનવંશ અને હાનવશ ના રાજા ઓ દ્વારા ચીન ની સભ્યતા ના વિકાસ માં આપેલ કોઈ પણ બે યોગદાનો જણાવો . ( જુઓ પાઠ 1)
b) તમારા વિસ્તાર માં મળેલા શારીરિક પરિબળો એ વસ્તી ના વિતરણ અને ઘનતા પર કેવી અસર કરે છે ? ( જુઓ પાઠ 14)

પ્રશ્ન . 5. નીચે આપેલા પ્રશ્નો માંથી કોઇ પણ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100- 150 શબ્દો માં આપો. 4

a) લોકમત ના આધારે મોટી એજન્સી ઓને ઓળખો . ( જુઓ પાઠ 22)
b) ભારત માં રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપતા વિવિધ પગલાં ઓ જણાવો . ( જુઓ પાઠ 24)

પ્રશ્ન . 6 નીચે આપેલા પ્રોજેક્ટ માંથી કોઇ પણ એક પ્રોજેક્ટ તૈયાર કરો. 6

a) તમારો પરિવાર અને તમારી આસપાસના પાંચ પરિવાર ની ત્રણ પેઢી માં શિક્ષણ નું સ્તરઅને વ્યવસાય ની માહિતી નીચે આપેલ કોઠા માં દર્શાવો .

| પેઢી | | શિક્ષણ નું સ્તર | વ્યવસાય |
|---|---|---|---|
| પ્રથમ | દાદા<br>દાદી | | |
| બીજી | પિતા<br>માતા | | |
| ત્રીજી | બાળક -1<br>બાળક - 2 | | |

મેળવેલ માહિતી ને આધારે શિક્ષણ ના સ્તર અને વ્યવસાય ના લીધે તેમના જીવન ધોરણ માં આવેલા પરિવર્તન અંગે નો એક અહેવાલ તૈયાર કરો.

b) એક પ્રોજેક્ટ તૈયાર કરો કે જેમાં 73માં બંધારણીય સુધારો કાયદો 1992 ( ગ્રામ્ય વિસ્તાર માં રહેતા લોકો માટે ) અથવા 74માં બંધારણીય સુધારો કાયદો 1992 ( શહેરી વિસ્તાર માંરહેતા લોકો માટે ) દ્વારા લાવવા માં આવેલ સુધારા ની યાદી તૈયારકરો. આ યાદી ના આધારે નીચેનાં મુદ્દા ઓ વિશે તમારા તારણો જણાવો .

1) સ્ત્રીઓના પ્રતિનિધિત્વ પર અસર
2) અનુસૂચિતજાતિ અનેજનજાતિ ના પ્રતિનિધિત્વ પર અસર. ( જુઓ પાઠ 18 )

અર્થશાસ્ત્ર

Economics

(214)

શિક્ષક દ્વારા અંકિત મૂલ્યાંકન કસોટી

Tutor Marked Assignment

કુલ ગુણ :20

Max Marks: 20

સૂચના : (1) બધાજ પ્રશ્નો ના ઉત્તર આપવા જરૂરી છે દરેક પ્રશ્નો ના ગુણ તેની સામે આપેલા છે.

(2) ઉત્તરવહી ના પ્રથમ પાનાં ઉપર તમારું નામ. અનુક્રમ નંબર ,અધ્યયન કેન્દ્ર નું નામ અને વિષય સારા અક્ષરો માં લખો .

1. નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઇ પણ એક પ્રશ્ન નો ઉત્તર લગભગ ૪૦-૬૦ શબ્દોમાં આપો. (૨)

(a) અર્થશાસ્ત્ર એક વિશાળ વિષય છે. તેની કોઈ એક ચોક્કસ વ્યાખ્યા આપવી શક્ય નથી. તમારે અર્થશાસ્ત્રને કલ્યાણ નુ વિજ્ઞાન અને સંપતિ/ધન ના વિજ્ઞાનના સ્વરૂપમાં વ્યાખ્યાયિત કરવાનું છે.(પાઠ-૧ જુઓ)

(b) કોઇ પણ ઉત્પાદક મહત્તમ નફો મેળવવા અને ઉત્પાદન ની પડતર ઓછી કરવા ઈચ્છે છે. ઉત્પાદક માટે ખર્ચ , આવક અને નફાની સંકલ્પના સ્પષ્ટ કરો. (પાઠ-૪ જુઓ)

2. નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઇપણ એક પ્રશ્નો ઉત્તર લગભગ ૪૦-૬૦ શબ્દોમાં આપો. (૨)

(a) અછત અને પસંદગી સાથે-સાથે ચાલે છે. હકીકતમાં પસંદગી નો પ્રશ્ન ઉદભવે છે. કારણકે સંસાધનોની અછત છે. અછત અને પસંદગી ને ઉદાહરણ સહીત સમજાવો.

(b) "વસ્તુ અને સેવા બંને માનવીની ઈચ્છા પુર્ણ કરવામાં સમાન રીતે મહત્વપુર્ણ છે. તેમજ આ વસ્તુઓ અને સેવાઓ પણ એટલી જ વિવિધ છે જેટલી આપણી ઈચ્છાઓ". આ વિધાન ના આધારે વસ્તુઓ અને સેવાઓની વિશિષ્ટતાઓ જણાવો. (પાઠ-૩ જુઓ)

3. નીચે આપેલા પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દોમાં આપો. (2)

(a) આપણે બધા જ જાણીએ છીએ કે આપણી ઈચ્છઓ અસીમીત છે. તેમજ આ ઈચ્છાઓ અથવા તો જરૂરિયાતો ને સંતોષવા માટેના સાધનો સીમીત છે. આપેલ વિધાન ને ધ્યાન માં રાખીને જરૂરિયાતોને સીમીત કરવા માટે નું ભારતીય તત્વજ્ઞાન સમજાવો.

(b) જો ઉત્પાદન ને આગમ અને નિગન ના પરિવર્તન ને વ્યાખ્યાયિત કરવામાં આવે તો ઉત્પાદન નું વર્ણન કેવી રીતે કરશો? ઉત્પાદનની મુખ્ય બે તકનીકિઓ જણાવો.(જુઓ પાઠ-૭)

4. નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઇ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-150શબ્દો માં આપો. (4)

(a) કુલ ઉત્પાદન, સરેરાશ ઉત્પાદન અને સીમાંત ઉત્પાદન એકબીજા સાથે સંકળાયેલા છે. એક સંખ્યાત્મક ઉદાહરણની મદદથી આ સંબંધ સમજાવો. (જુઓ પાઠ-7)

(b) અર્થવ્યવસ્થાને વિભિન્ન આધારો ને આધાર પર વર્ગીકૃત કરવામાં આવે છે. આવા આધારોમાંથી એક આધાર છે વિકાસ દરેક પ્રકાર ની અર્થવ્યવસ્થાના પ્રકાર સમજાવો.

(જુઓ પાઠ-૪)

5. નીચે આપેલા પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-150 શબ્દોમાં આપો. (4)

(a) અર્થવ્યવસ્થા એક માનવ નિર્મિત સંગઠન છે. જે સમાજ ની આવશ્યક્તા મુજબ નિર્માણ થાય છે, નાશ થાય છે અથવા બદલાય છે. આ વાક્યના આધારે રાજકીય પ્રકાર ની અર્થવ્યવસ્થા ધરાવે છે?(જુઓ પાઠ-૪)

(b) સ્વાતંત્ર સંસ્થા અને સરકારી કંપનીઓ વચ્ચેનો તફાવત સમજાવો.(જુઓ પ્રરકરણ- 7)

.

6. નીચે આપેલ પ્રોજેકટમાંથી કોઈ પણ એક પ્રોજેકટ તૈયાર કરો. (6)

(a) આપણે જાણીએ છીએ કે ઉત્પાદન ના કુલ ખર્ચ કરતાં આવક વધુ હોય ત્યારે નફો મળે છે. જેની ગણતરી નીચે મુજબ કરવામાં આવે છે. નફો= કુલ આવક- કુલ ખર્ચ તમારે એક ઉત્પાદક ના માસિક ઉત્પાદન ના આકડો મેળવી અને પછી તેના દરેક મહીના ને આધારે તેની કુલ આવક અને સીમાંત આવક ની ગણતરી તેની સરેરાશ આવક રૂ.૨૫ ગણીને કરો. ત્યાર બાદ તેના માસિક નફાની ગણતરી કરો. તમારી ગણતરી ને એક ટેબલ સ્વરૂપે રજૂ કરો. (જુઓ પાઠ-8)

(b) તમને એક ઉત્પાદક દ્વારા નીચેની પ્રશ્નાવલી આપેલ છે.

| શ્રમના એકમો | કુલ ઉત્પાદન | સીમાંત ઉત્પાદન | સરેરાશ ઉત્પાદન્ |
|---|---|---|---|
| ૦ | 0 | | |
| 1 | 5 | | |
| 2 | 12 | | |
| 3 | 21 | | |
| 4 | 28 | | |
| 5 | 30 | | |
| 6 | 30 | | |
| 7 | 28 | | |

ઉત્પાદકને ઉપરોક્ત સૂચી પુર્ણ કરવામાં તમારી મદદની જરૂર છે. તેમજ ઉત્પાદનના સ્તરને નિર્ધારીત જરૂર છે. તેમજ ઉત્પાદનના સ્તરને નિર્ધારીત કરવા માટે કેટલા મજૂર કાર્યરત છે તે નક્કી કરો.(જુઓ પાઠ-7)

વાણિજ્ય વ્યવસ્થા

Business studies

(215)

શિક્ષક દ્વારા અંકિત મૂલ્યાંકન કસોટી

Tutor Marked Assignment

કુલ ગુણ :20

Max Marks: 20

સૂચના : (1) બધાજ પ્રશ્નો ના ઉત્તર આપવા જરૂરી છે દરેક પ્રશ્નો ના ગુણ તેની સામે આપેલા છે.

(2) ઉત્તરવહી ના પ્રથમ પાનાં ઉપર તમારું નામ. અનુક્રમ નંબર ,અધ્યયન કેન્દ્ર નું નામ અને વિષય સારા અક્ષરો માં લખો .

પ્રશ્ન 1 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40 – 60 શબ્દો માં આપો. (2)

(a) માલ ના વેચાણ માટે વિજ્ઞાપન/ જાહેરાત એક અસરકારક સાધન છે. કેવી રીતે ? ( જૂઓ પાઠ 2)

(b) આર્થિક પ્રવૃતિ એટલે શું ? આર્થિક પ્રવૃતિઓ ના બે ઉદાહરણ આપો ( જૂઓ પાઠ 1)

પ્રશ્ન 2 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40 – 60 શબ્દો માં આપો.

(a) " વૈયક્તિક માલિકી" વ્યવસાય ઉપર યોગ્ય નિયંત્રણ ની સુવિધા કેવી રીતે પૂરી પાડે છે . સમજાવો. ( જુઓ પાઠ 3)

(b) એક ઉદાહરણ ની મદદ થી ઉત્પાદક સહકારી મંડળી ની વ્યાખ્યા સમજાવો. ( જુઓ પાઠ 4)

પ્રશ્ન .3 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40 -60 શબ્દો માં આપો . 2

(a) ધંધા માં જોખમ અને અનિશ્ચિતતા સમાયેલા છે સમજાવો. ( જૂઓપાઠ 1)

(b) કેવી રીતે પરિવહન ઓછા ખર્ચે વધુ ઉત્પાદન ની સુવિધા પૂરી પાડે છે? ( જુઓ પાઠ 5)

પ્રશ્ન 4. નીચે આપેલાપ્રશ્નો માંથી એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100 – 150 શબ્દો માં આપો . 4

(a) સહકારી મંડળી એ ધંધા નું એક વિશિષ્ટ સ્વરૂપ છે. જે અન્ય સ્વરૂપ થી અલગ છે. આ વિધાન ના આધારે સહકારી મંડળી ની વિશિષ્ટતાઓ સમજાવો. ( જુઓ પાઠ 4)

(b) બોન્ડેડવખાર અને સહકારી વખાર વચ્ચે નો તફાવત જણાવો. ( જુઓ પાઠ 6)

પ્રશ્ન 5 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઇ પણ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100 – 150 શબ્દો માં આપો . 4

(a) ઈ – કોમર્સ ના વિવિધ પ્રકારો સમજાવો. ( જુઓ પાઠ 2)

(b) દરેક પ્રકાર ની માલિકી ની મર્યાદાઓ હોય છે જેમાં વૈયક્તિક માલિકી અપવાદ નથી. વૈયક્તિક માલિકીની જુદી જુદી મર્યાદાઓ સમજાવો. ( જુઓ પાઠ 3)

પ્રશ્ન 6 નીચે આપેલા પ્રોજેક્ટ માંથી કોઇ પણ એક પ્રોજેક્ટ તૈયાર કરો. 6

(a) તમારો મિત્ર તેના અન્ય મિત્ર સાથે એક અસરકારક માહિતી સંચાર સ્થાપવા માં કેટલીક મુશ્કેલીઓ અનુભવી રહ્યો છે. તેને સમજાવો કે અસરકારક માહિતીસંચાર ના અવરોધો કયા - કયા છે? આ અવરોધો દૂર કરવામાં તેને માર્ગદર્શન આપો. ( જુઓ પાઠ 7)

(b) અંકિત ને હલકા માલ નો વ્યવસાય કરવામાં રસ છે. તે દેશ ના જુદા જુદા ભાગો માં માલ મોકલવા માંગે છે. તેને ફાયદા અને મર્યાદા ઓનો ઉલ્લેખ કરીને પરિવહન ના સૌથી યોગ્ય પ્રકાર ની સલાહ આપો. ( જુઓપાઠ 6)

ગૃહ વિજ્ઞાન

Home Science

(216)

શિક્ષક દ્વારા અંકિત મૂલ્યાંકન કસોટી

Tutor Marked Assignment

કુલ ગુણ :20

Max Marks: 20

---

સૂચના : (1) બધાજ પ્રશ્નો ના ઉત્તર આપવા જરૂરી છે દરેક પ્રશ્નો ના ગુણ તેની સામે આપેલા છે.

(2) ઉત્તરવહી ના પ્રથમ પાનાં ઉપર તમારું નામ. અનુક્રમ નંબર, અધ્યયન કેન્દ્ર નું નામ અને વિષય સારા અક્ષરો માં લખો .

---

પ્રશ્ન- 1 નિમ્નલિખિત પ્રશ્નોમાંથી ગમે તે એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો. 2

(a) "ગૃહ વિજ્ઞાન એ કળાતથા વિજ્ઞાન નું સંયોજન છે." આ વાક્ય ની સમજણ આપો તથા ભવિષ્ય માં ગૃહવિજ્ઞાન ભણ્યા બાદ મળતા બે અવસર જણાવો . (જુઓ પ્રકરણ 1,12)

(b) ગૃહ વિજ્ઞાન ના સિધ્ધાંતો નો ઉપયોગ કરીને નાના ઘર ને મોટું દેખાય તેવો દેખાવ કઇ રીતે આપી શકીએ? ( જુઓ પ્રકરણ 1,12)

પ્રશ્ન- 2 નિમ્નલિખિત પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો. 2

(a) પૌષ્ટિક આહાર નું મહત્ત્વ સમજાવો. ( જૂઓપ્રકરણ3,5)

(b) ખોરાક રક્ષણ માટે ના ચાર ઉપાયો જણાવો? ( જૂઓપ્રકરણ 3,5)

પ્રશ્ન- 3 નિમ્નલિખીત પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દોમાં આપો. 2

(a) કુદરતી તથા કૃત્રિમ રેસાઓ થી ઉત્પન્ન થતા બે પ્રકાર ના વસ્ત્રો જણાવો. તથા કોઈ પણ પ્રકારના વસ્ત્રો ને ધોતા પહેલા તેનું વર્ગીકરણ કરવું શા માટે જરૂરી છે? સમજાવો.

( જૂઓ પ્રકરણ 9,10)

(b) ગ્રે ( ભૂખરું) કાપડ તથા સુવાળું કાપડ વચ્ચે નો તફાવત સ્પષ્ટ કરો. કાપડ માં માર્બલીંગ તથા ગાંઠ બાંધવા ની ક્રિયા (બાંધણી) દ્વારા રંગબેરંગી દુપટ્ટા બનાવવા ની પ્રક્રિયા સમજાવો.

( જૂઓ પ્રકરણ 9,10,11)

પ્રશ્ન- 4 નિમ્નલિખીત પ્રશ્નો માંથી કોઇ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-150 શબ્દો માં આપો. 4

(a) તમારા પરિવારના છ સભ્યો એ વેકેશન માં ગોવા જવા માટે ની યોજના બનાવી છે. પરિવાર માં દાદા દાદી, માતા- પિતા તથા તમે બે ભાઈ બહેન છો . આ યોજના ને સફળ બનાવવા માટે નીચેના મુદ્દા ઓ નો ઉલ્લેખ કરો. ( જુઓપ્રકરણ 14,15)

(1) યોજનાની વ્યવસ્થા પ્રક્રિયા ના તબક્કા દર્શાવો .

(2) એક દિવસનું સમય પત્રક બનાવી ઉદાહરણ આપો.

(b) તમે તમારા અભ્યાસ માટે શહેર માં આવ્યા છો તથા એક ભાડા ના મકાન માં એકલા રહો છો . તમારા મિત્ર સાથે નીચેના વિષયો બાબતે ચર્ચા કરો. (જુઓપ્રકરણ 3,19)

(1) સંયુક્ત પરિવાર માં રહેવા ના લાભ દર્શાવો.

(2) તમારે જમવા માટે નાએક અઠવાડિયાનું લીસ્ટ તૈયાર કરો.

પ્રશ્ન- 5 નિમ્નલિખીત પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-150 શબ્દોમાં આપો. 4

(a) તમારી માતા એ સેલ દરમ્યાન એક પ્રતિષ્ઠિત કંપની નું વોશિંગમશીન ખરીદ્યું જે એક અઠવાડિયા ના વપરાશ બાદ ખરાબ થઇ ગયું. (જુઓ પ્રકરણ 22)

(1) તમારી માતા ને ગ્રાહક સુરક્ષા અધિકાર ( ગમે તે બે) વિશે જાણકારી આપો.

(2) સેલ દરમ્યાન કોઈ પણ સામાન ખરીદવા માં શું છેતરપિંડી થઇ શકે છે?

(b) તમને ગ્રામપંચાયત માં સ્વાસ્થ્ય વિશે જાણકારી આપવામાટે કહેવા માં આવ્યું. નિમ્ન લિખીત બાબતોપ ર વિશેષ ટિપ્પણી કરો. ( જૂઓ પ્રકરણ 7,8)

(1) સ્વાસ્થ્ય વ્યાખ્યાયિત કરો તથા સારું શારીરિક સ્વાસ્થ્ય તથા માનસિક સ્વાસ્થ્ય હોવાના બે લક્ષણો જણાવો.

(2) ચેપી રોગો ને રોકવા માટે ના કોઈ ચાર ઉપાયો જણાવો.

પ્રશ્ન- 6 આપેલા પ્રોજેક્ટ માંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો. 6

(a) આપણી આસપાસ ના વિસ્તાર માંમુલાકાત લઈ નીચેની બાબતો વિશે જાણકારી પ્રાપ્ત કરો.

(1) 60 વર્ષ થી વધુ ઉંમરની કેટલી વ્યકિતઓને કોવિડ -19થી બચવા માટે રસીકરણ કરવામાં આવ્યું છે? ચેપી રોગો થી બચવા માટે રસીકરણ શા માટે ફાયદાકારક છે?

(2) કોવીડ-19 ના સંક્રમણ થી બચવા માટે આપના પરિવારમાં કયા કયા ઉપાયો અપનાવ્યા?

(3) એક કવિતા કે ગીત દ્વારા ચેપીરોગો ને રોકવા નો ઉલ્લેખ સમજાવો.

(b) તમે તમારા દાદા દાદી કે પડોશ માં રહેતા ઘરડા લોકો પાસે થી નીચેની જાણકારી મેળવો.

( જૂઓ પ્રકરણ 5,6,20)

(1) રેફ્રીજરેટર વિના તે જમાના માં ખાદ્યપદાર્થો ની સુરક્ષા કઈ રીતે કરતા હતા?

(2) આ લોકો ના જમાના માંધ્વનિપ્રદુષણ શા માટે ઓછું હતું? શું આપણે આજના જમાનામાં પણ આ ઉપાય કરી શકીએ?

(3) તે જમાના માં કિશોરાવસ્થા માં છોકરી ઓ કઈ મુશ્કેલીઓ નો સામનો કરતી હતી?

મનોવિજ્ઞાન
Psychology
(222)
શિક્ષક દ્વારા અંકિત મૂલ્યાંકન કસોટી
Tutor Marked Assignment

કુલ ગુણ :20
Max Marks: 20

સૂચના : (1) બધાજ પ્રશ્નો ના ઉત્તર આપવા જરૂરી છે દરેક પ્રશ્નો ના ગુણ તેની સામે આપેલા છે.

(2) ઉત્તરવહી ના પ્રથમ પાનાં ઉપર તમારું નામ. અનુક્રમ નંબર ,અધ્યયન કેન્દ્ર નું નામ અને વિષય સારા અક્ષરો માં લખો .

1. નિમ્નલિખિત પ્રશ્નો માંથી ગમે તે એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો. (૨)

(a) આપેલ પ્રયોગ “વ્યક્તિના લખાણ પર પેન ની અલગ-અલગ બ્રાન્ડ ની અસરનો અભ્યાસ” માં સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલ ઓળખો. તમારા જવાબના યોગ્ય કારઓ આપો. (જુઓ પાઠ-2)

(b) તમારી કાલક્રમિત વયના આધારે તમે જે જીવનમાં છો તેનું અવલોકન કરો અને તેની વિશેષતાઓ સમજાવો. (જુઓ પાઠ-12)

2. નિમ્ન લિખીત પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો. (૨)

(a) તમારા મિત્રને પરીક્ષામા સારા ગુણ ન આવવાથી તે તણાવ અનુભવે છે. આ સ્થિતીમાંથી બહાર આવવામાં તમે તેની મદદ કેવી રીતે કરશો ? (જૂઓ પાઠ-18)

(b) તમારી આસપાસના કોઈ એક વ્યક્તિનો વ્યવહાર સમજવા તેનું અવલોકન કરો. તેના માહિતી સંચારના ચાર સૂચકોના આધારે નિરીક્ષણ અહેવાલ લખો. (જુઓ પાઠ-2)

3. નિમ્નલિખીત પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દોમાં આપો. (2)

(a) પર્યાવરણીય તણાવ ને ઓછી કરવામાં તમે શું યોગદાઅ આપી શકશો? તેના માટેના કોઈ પણ ચાર ઉપાયો જણાવો. (જુઓ પાઠ-23)

(b) ધારો કે તમારી કલક્રમિક વયમાં ± 3 ઉમેરીને તમે તમારી માનસિક વય મેળવો. જેના આધારે બંને કિસ્સાઓમાં તમારી બુધ્ધી આંકની ગણતરી કરો.(જુઓ પાઠ-20)

4. નિમ્ન લિખીત પ્રશ્નો માંથી કોઇ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-150શબ્દો માં આપો. (4)

(a) તમે ઘર ના સામાનની એક યાદી દુકાન સુધી પહોંચો ત્યાં સુધી યાદ રાખ્વા માંગો છો. ઓછામાં ઓછી ચાર પધ્ધતીઓ જણાવો કે જેનો ઉપયોગ કરી તેને યાદ રાખી શકો. ભૂલવાના કારણો જણાવો. (જુઓ પાઠ-6)

(b) માસ્લોની જરૂરિયાત ની શ્રેણી ને ધ્યાનમાં રાખીને તમારા રોલ મોડલ અથવા તમારા વિસ્તારના અન્ય કોઈ પ્રખ્યાત વ્યક્તિની જરૂરિયાતોનું વિશ્લેષણ કરો. (જુઓ પાઠ-8)

5. નિમ્ન લિખીત પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-150 શબ્દોમાં આપો. (4)

(a) એક પ્રસન્ન/સુખી વ્યક્તિ ની ઓછ માં ઓછી છ લાક્ષણિક્તાઓ સમજાવો. (જુઓ પ્રકરણ-17)

(b) તમારા વિસ્તારમાં શિક્ષણ મેળવતા વિધ્યાર્થીઓને પડતી કોઈ પણ ચાર સમસ્યાઓ ઓળખો. આ સમસ્યાઓનો સામનો કરવા માટેના કેટલાક પગલાંઓ સુચવો. (જુઓ પ્રકરણ- 16)

(6). નીચે જણાવેલા બે પ્રોજેક્ટમાંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો. (6)

(a) તમારા વિસ્તાર માં કોઈ પણ ત્રણ પ્રકાર નાં પ્રદુષણ ની ઓળખ કરો. પ્રદુષણ દુર કરવા માટે ના સરકાર ,નિવાસી કલ્યાણ સંઘ(RWA) અને તમારા દ્વારા લેવાયેલ ઓછામાં ઓછ ત્રણ પગલાં જણાવો.(જુઓ પાઠ-23)

b) જીવનવિજ્ઞાનથી આધુનિક શિક્ષણ કેવી રીતે જુદા પડે છે તે જણાવો. 'પ્રેક્ષાધ્યાન' નો 15 દીવસ અને "વિપશ્યના" નો બીજા 15 દીવસ અભ્યાસ કરો અને એક અહેવાલ તૈયાર કરો કે બંને મન ને નિયંત્રીત અને અંકુશીત કરવામાં સહાયરૂપ બને છે.(જુઓ પાઠ-27)

ભારતીય સંસ્કૃતિ અને વારસો
Indian Culture and Heritage
(223)
શિક્ષક દ્વારા અંકિત મૂલ્યાંકન કસોટી
Tutor Marked Assignment

કુલ ગુણ :20
Max Marks: 20

---

સૂચના : (1) બધાજ પ્રશ્નો ના ઉત્તર આપવા જરૂરી છે દરેક પ્રશ્નો ના ગુણ તેની સામે આપેલા છે.

(2) ઉત્તરવહી ના પ્રથમ પાનાં ઉપર તમારું નામ., અનુક્રમ નંબર, અધ્યયન કેન્દ્ર નું નામ અને વિષય સારા અક્ષરો માં લખો .

---

પ્રશ્ન.1 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40- 60 શબ્દો માંઆપો. 2

(a) સંસ્કૃતિ અને સભ્યતાની કોઈપણ બે સમાનતા ઓચકાસો ( જુઓપાઠ 1)
(b) ભારતીય સંસ્કૃતિ ની કોઈ પણ બે વિશેષતા ઓ જણાવો. ( જૂઓપાઠ 2)

પ્રશ્ન.2 નીચે આપેલાપ્રશ્નો માંથીકોઈ પણ એકપ્રશ્ન નો ઉત્તર આશરે 40 -50 શબ્દો માં આપો . 2

(a) નાગર અને દ્રવિડ શૈલી ની મંદિર ની વાસ્તુકલા વચ્ચે નો તફાવત જણાવો. (જુઓપાઠ 3)
(b) ઇસ્લામધર્મ ના ચાર મૂળ સિધ્ધાંતો જણાવો. ( જૂઓ પાઠ 4)

પ્રશ્ન.3 નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દોમાં આપો. 2

(a) સંસ્કૃતિ ના બિન ભૌતિક પાસા ઓનું અર્થ ગટનકરો . ( જુઓ પાઠ 2)
(b) " સંસ્કૃતિ પરિવર્તનશીલ હોય છે પરંતુ વારસો નહિ" આ કહેવત સમજાવો. ( જૂઓ પાઠ 2)

પ્રશ્ન.4 . નીચે આપેલા પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-150 શબ્દોમાં આપો. 4

(a) " સૂફી અને ભક્તિ આંદોલન એક જ સિક્કાની બે બાજુ છે" આ વિધાન સમજાવો .
( જુઓ પાઠ 4)
(b) કોઈ પણચાર એવી સાંસ્કૃતિક જીવનશૈલી જણાવો કે જે તમારા દાદા દાદી મનાવે છે તેમજ તમે પણ એ મનાવો છો.( જુઓ પાઠ 1)

પ્રશ્ન 5 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્નને ઉત્તર આશરે 100 – 150 શબ્દો માં આપો 4

(a) આર્યો ના જીવન માંપરિવર્તન લાવવા માં લોખંડ નો ફાળો મુખ્ય છે . વિશ્લેષણકરો.
( જુઓ પાઠ 3)
(b) પ્રાચીન ભારત માંબે મહત્વપૂર્ણ ધર્મો નો ઉદય થયો. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ જેણે ભારતીય જીવન અને સંસ્કૃતિ પર પોતાની એક અલગ છાપ ઊભી કરી છે. વિશ્લેષણ કરો. ( જુઓ પાઠ 3)

પ્રશ્ન.6 નીચે આપેલા પ્રોજેક્ટ માંથી કોઇ પણ એક પ્રોજેક્ટ તૈયાર કરો. 6

(a) મધ્યકાળ માં ભારત માં બે નવા ધર્મ – શીખધર્મ અને પારસીધર્મ નો વિકાસ થયો .તેમણે આપણા સમાજ પર એક છાપ ઊભી કરી. આ વિધાન ને ધ્યાન માં રાખી ને એક અહેવાલ તૈયાર કરો . જેમાં તમે આ ધર્મો ની કોઈ પણચાર ઉપદેશો નો અહેવાલ તૈયાર કરો. તેમના મહત્ત્વ ના ધાર્મિક સ્થળો ની સૂચિ બનાવી તેનું મહત્વ જણાવો.

( જુઓ પાઠ 4)

(b) તમારા વિસ્તાર માં કાર્ય કરતી ત્રણ સામાજિક સંસ્થા ઓની એક યાદી તૈયાર કરો . દરેક સંસ્થા નો મુખ્ય ઉદ્દેશ અને કાર્યો ની જાણકારી મેળવો. જે નીચે આપેલ કોઠામાં નોંધો. તમે આ સંસ્થા માંથી કઈ સંસ્થા ના સભ્ય બનવા માંગો છો ? શા માટે?

| અનું નં. | સંસ્થાનું નામ. | મુખ્ય ઉદ્દેશ. | કાર્યો |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

નામાના મૂળતત્વો

Accountancy

(224)

શિક્ષક દ્વારા અંકિત મૂલ્યાંકન કસોટી

Tutor Marked Assignment

કુલ ગુણ :20

Max Marks: 20

સૂચના : (1) બધાજ પ્રશ્નો ના ઉત્તર આપવા જરૂરી છે દરેક પ્રશ્નો ના ગુણ તેની સામે આપેલા છે.

(2) ઉત્તરવહી ના પ્રથમ પાનાં ઉપર તમારું નામ. અનુક્રમ નંબર ,અધ્યયન કેન્દ્ર નું નામ અને વિષય સારા અક્ષરો માં લખો

પ્રશ્ન 1. નીચે આપેલા પ્રશ્નો માથી કોઈપણ એક પ્રશ્નો નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો., 2.

(a) નામાની માહીતીસંભવિત રોકાણકારોએ અને ગ્રાહકો માટે ઉપીયોગી છે કેવીરીતે? (જુઓ પાઠ -1)

(b) બાહ્ય જવાબદારી એટલે શું ? બાહ્યજવાબદારી ના બે ઉદાહરણો આપો. ( જુઓ પાઠ 3)

પ્રશ્ન 2. નીચે આપેલા પ્રશ્નો માથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો. 2.

(a) ઉદાહરણ ની મદદ થી દ્વિનોંધી નામા પધ્ધતિ સમજાવો. (જુઓ પાઠ 2)

(b) નાણાકીય હિસાબો બિનનાણાકીય માહીતી ને અવગણે છે સમજાવો. (જુઓ પાઠ 1)

પ્રશ્ન 3. નીચે આપેલા પ્રશ્નો માથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો. 2

(a) મૂર્ત અને અમૂર્ત સંપતિ ઉપર એક નોંધ લખો. (જુઓ પાઠ 3)

(b) નીચે આપેલ હિસાબી સમીકરણ ના નિયમો લખો. (જુઓ પાઠ 4)

(i) મૂડી

(ii) મિલકત

પ્રશ્ન 4. નીચે આપેલા પ્રશ્નો માથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-૧૫૦ શબ્દો માં આપો.4

(a) તમારો મિત્ર આમનોંધ તૈયાર કરવાનું ઈચ્છે છે. એક સારા મિત્ર તરીકે તેને આમનોંધ તૈયાર કરવાની પ્રક્રિયા સમજાવો. નીચે આપેલા પ્રશ્નો માથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં આપો. (જુઓ પાઠ 6)

(b) રૂઢિ ચુસ્ત / રૂઢિવાદી પ્રણાલી નો અર્થ અને મહત્વ સમજાવો. (જુઓ પાઠ 2)

પ્રશ્ન 5. નીચે આપેલા પ્રશ્નો માથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100-15૦ શબ્દો માં આપો.4

(a) નીચે આપેલ માહીતી ના આધારે હિસાબી સમીકરણ તૈયાર કરો. (જુઓ પાઠ 4)

(1) અંકિતે રૂ . 1,80,000/- રોકડા લાવી ધંધો શરૂ કર્યો .

(2) તેને રૂ. 20,000/- નું ફર્નિચર ખરીધ્યું.

(3) તેણે રૂ, 25000/- નો માલ ઉધાર ખરીધ્યો.

(4) તેને રૂ. 18000/- ની કિંમત નો માલ રૂ. 4000/- માં વેચ્યો .

(b) અલગ અલગ પ્રકાર ના ખાતાઓનું વર્ગીકરણ સમજાવો. (જુઓ પાઠ 5)

પ્રશ્ન.6 નીચે આપેલા પ્રોજેકટ માથી કોઈ એક પ્રોજેકટ તૈયાર કરો . 6.

(a) મે. જે. કે. કોમ્પ્યુટર , દક્ષિણપૂર્વ નવી દિલ્હી ના નીચેના વ્યવહારો ના આધારે જમા વાઉચર તૈયાર કરો. (જુઓ પાઠ 5)

2020

4 એપ્રિલ રોકડે થી પેન ડ્રાઈવ વેચી. કેશ મેમો નંબર -10 , રૂ. 55,000/-

15 એપ્રિલ જૂનું કોમ્પ્યૂટર રોકડે થી વેચ્યું. કેશમેમો નંબર -39 રૂ. 19,000/-

30 એપ્રિલ બેંક માથી ઓફિસ માટે રોકડ ઉપાડયા. ચેક નંબર- 500417 રૂ. 15,000/- .

(b) નજીક ની કોઈ એક દુકાન ની મુલાકાત લો. તેના ધંધાકીય વ્યવહારો ચકાસો અને તેની એક આમનોંધ તૈયાર કરો. (જુઓ પાઠ 6)

ચિત્રકળા

Painting

(225)

શિક્ષક દ્વારા અંકિત મૂલ્યાંકન કસોટી

Tutor Marked Assignment

કુલ ગુણ :20

Max Marks: 20

સૂચના : (1) બધાજ પ્રશ્નો ના ઉત્તર આપવા જરૂરી છે દરેક પ્રશ્નો ના ગુણ તેની સામે આપેલા છે.

(2) ઉત્તરવહી ના પ્રથમ પાનાં ઉપર તમારું નામ. અનુક્રમ નંબર ,અધ્યયન કેન્દ્ર નું નામ અને વિષય સારા અક્ષરો માં લખો .

પ્રશ્ન- 1 નિમ્નલિખિત માથી ગમે તે એક પ્રશ્નો નો ઉત્તર આશરે 40- 60 શબ્દો માં લખો . 2

a) અમૃતા શેરગીલ ના પ્રખ્યાત ચિત્ર "બ્રહ્મચારી" નો અભ્યાસ કરો. અમૃતા શેરગીલ ના ચિત્રો માં રંગ સંયોજન નો પ્રયોગ કરીને ચાર બેઠેલી આકૃતિઓ ની રચના કરો. (જૂઓ પ્રકરણ 8 )

b) કલાકાર "ઓગસ્તે" ની એક કલાકૃતિ વિષે લખો. આ માધ્યમ ધ્વારા તેઓ શું સંદેશ આપવા માંગે છે? ( જૂઓ પ્રકરણ 6 )

પ્રશ્ન- 2 નિમ્નલિખિત પ્રશ્નો માથી ગમે તે એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40-60 શબ્દો માં લખો . 2

a) પ્રસિધ્ધ અજંતા ચિત્ર "અશ્વેત રાજકુમારી" નું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરો. હવે આપની પ્રાયોગિક અધ્યયનપોથી લો. 33 નંબર ના પાનાં પર ઘણાબધા માનવ મુખાકૃતિ ના ચિત્રો છે. આ મુખાકૃતિઓમાં "અશ્વેત રાજકુમારી" ની મુખાકૃતિ નું સર્જન કરવાનો પ્રયત્ન કરો. (જુઓ પ્રકરણ 1)

b) દેગા ની કલાકૃતિઓ ની ચાર મુખ્ય વિશેષતાઓ લખો. (જુઓ પ્રકરણ 6).

પ્રશ્ન- 3 નિમ્ન લિખિત પ્રશ્નો માથી ગમે તે એક પ્રશ્ન નો ઉત્તર આશરે 40 – 60 શબ્દો માં લખો. (2)

a) કોલમ ચિત્રશૈલી માં કયા ભાવ નો ઉપયોગ થયો છે? કોલમ ચિત્રકળા બનાવવાની પધ્ધતિ નું વર્ણન કરો. (જુઓ પ્રકરણ 3, 4 )

b) પ્રખ્યાત ચિત્ર "ધ નાઈટ વોચ" કે જે કલાકાર રેમ્બ્રાંટ ધ્વારા નિર્મિત છે. તેના માળખાને અનુસરો તથા આ ચિત્ર માં બેસેલી આકૃતિ ના ઢાંચા ને ધ્યાન માં લો. આ ચિત્ર માટે પ્રશંષા કરતી અમુક પંક્તિઓ લખો. (જુઓ પ્રકરણ 5)

પ્રશ્ન- 4. નિમ્નલિખિત પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આશરે 100- 150 શબ્દો માં લખો. 4

a) ભીંતચિત્ર એટલે શું?ફ્રેસ્કો બુનો પધ્ધતિ માં હિન્દીભવન ની દીવાલ પર દોરેલા ભીંત ચિત્રો ને વ્યાખ્યાયિત કરો? (જુઓ પ્રકરણ 9)

b) કલાકાર મોનેટે પોતાના ચિત્ર "વોટર લીલી" માં કઈ બાબત પર ભાર મૂક્યો છે ? 5 -6 વાક્યો માં વર્ણન કરો (જુઓ પ્રકરણ 6)

પ્રશ્ન- 5 નિમ્નલિખિત પ્રશ્નો માંથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર લગભગ 100 – 150 શબ્દો માં આપો. 4

a) ઓડીશા ના પૂરી માં પૂર્વીયતટ પર ગંગવંશ ના રાજા નરસિંહ દેવ પ્રથમ ધ્વારા નિર્મીત એક કળા નું વર્ણન કરો.તેને પ્રોત્સાહન આપતી નોંધ લખો. (જુઓ પ્રકરણ 2)

b) સમકાલીન ભારતીય કળાઓના વિકાસ માં મુખ્ય ફાળો આપનાર કોઈ પણ ચાર કલાકારો વિષે નોંધ તૈયાર કરો. (જુઓ પ્રકરણ 9)

પ્રશ્ન- 6 આપેલા પ્રોજેકટ માથી ગમે તે એક પ્રોજેકટ તૈયાર કરો . 6

a) એક સમઘન ખોખું, એક ગોળ દડો તથા એક નળાકાર વસ્તુ એકત્ર કરો.જે દરેક લગભગ સમાનમાપ ના હોય,આ બધા આકારનો અભ્યાસ કરી ને અલગ અલગ કાગળ પર પેન્સિલ ધ્વારા દોરો.હવે આ બધાજ આકારો નું સંયોજન કરી A4 સાઇઝ ના કાગળ પર ચિત્રણ કરો. આ ઘનપદાર્થો ના સંયોજન ની મુખ્ય પધ્ધતિ છે.તો આ પદાર્થો ની મદદ થી આપ ઘનપદાર્થ ચિત્રણ કરી શકશો.આપની ચિત્રકળા પુસ્તકો માં પીકાસો ના ચિત્રો પરથી પ્રેરણા લઈ શકો .

(જુઓ પ્રકરણ 7)

b) એક ટેબલ, પેન્સિલ, ફૂલદાની, પેન્સીલ બોક્ષ તથા પુસ્તક ના સ્કેચ દોરો. જે આપણને આપણા ઘરેથી સરળતાથી પ્રાપ્ત થશે.એક $\frac{1}{2}$ ઇમ્પેરીયલ આકાર નો કાગળ લો.આ ચિત્રો નું એવું સંયોજન દર્શાવો જેનાથી આ પદાર્થોના સંયોજનમાં દરેક પદાર્થો નું એકબીજા સાથે સામંજસ્ય, સંવાદિતા તથા ભય દર્શાવતી સમજણ આપો. (જુઓ પ્રાયોગિક પ્રકરણ 4)

ડેટા એન્ટ્રી ઓપરેશન

Data Entry Operation

(229)

શિક્ષક દ્વારા અંકિત મૂલ્યાંકન કસોટી

Tutor Marked Assignment

કુલ ગુણ :20

Max Marks: 20

સૂચના : (1) બધાજ પ્રશ્નો ના ઉત્તર આપવા જરૂરી છે દરેક પ્રશ્નો ના ગુણ તેની સામે આપેલા છે.
(2) ઉત્તરવહી ના પ્રથમ પાનાં ઉપર તમારું નામ. અનુક્રમ નંબર ,અધ્યયન કેન્દ્ર નું નામ અને વિષય સારા અક્ષરો માં લખો .

પ્રશ્ન.1 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આપો. 2

a) કમ્પ્યુટર ભાષા અને તેના વર્ગીકરણ પર એક નોંધ લખો. ( જુઓ પાઠ 1)

b) કોમ્પ્યુટર માંથી ફાઈલ અથવા ફોલ્ડર ડીલીટ કરવા ના પગલા જણાવો. ( જુઓ પાઠ 2)

પ્રશ્ન 2 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આપો. 2

a) વર્ડ પ્રોગ્રામ માં રૂલર ના બે ઉપપયોગો જણાવો. ( જુઓ પાઠ 3)

b) નીચે આપેલા નુ વર્ણન કરો. ( જુઓ પાઠ 2)

1) રિસાયકલ બિન

2) ક્વીટીંગ પ્રોગ્રામ ( પ્રોગ્રામ છોડવો)

પ્રશ્ન 3 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આપો. 2

a) વ્યાખ્યા આપો. ( જુઓ પાઠ 6)

1) નેવીગેટીંગ વર્કશીટ

2) સેલ અને રો

b) સિલેક્ટ કરવા માટે નો શોર્ટકટ શુ છે? (જુઓ પાઠ 4)

1) એક પૂરો શબ્દ

2) આખો ફકરો

3) ટેક્સટ કાપવી

4) દસ્તાવેજ ની પ્રિન્ટ

પ્રશ્ન 4 નીચે આપેલા પ્રશ્નો માંથી કોઈ પણ એક પ્રશ્ન નો ઉત્તર આપો. 2

a) વર્કબૂક માટે પાસવર્ડ સેટ કરવા ના પગલાં ઓ જણાવો. ( જુઓ પાઠ 6)

b) ચાર્ટ ના કોઈ પણ પાંચ ઘટકો સંક્ષિપ્ત માં સમજાવો. ( જુઓ પાઠ 8)

પ્રશ્ન 5 નીચે આપેલા પ્રશ્નો માથી કોઈ એક પ્રશ્ન નો ઉત્તર આપો. 4.

a) સ્લાઇડ મા પીકચર બુલેટ કેવી રીતે insert કરશો? ( જુઓ પાઠ 9)

b) ‘ ABC સ્કૂલ ’ આંતર શાળા સ્પર્ધા નું આયોજન કરે છે વિધ્યાર્થીઓની વિધ્યાર્થી કમિટી આ માટેનું એક બ્રોસર તૈયાર કરે છે. વિધ્યાર્થીઓને બેનર માં નીચેની માહીતી મૂકવા માં મદદ કરો. ( જુઓ પાઠ 4)

1) ડેસ્કટોપ પર ડોક્યુમેન્ટ ( દસ્તાવેજ) ને “ સ્પોર્ટસ ડે ”. ના નામ થી સેવ કરો.

2) ડોક્યુમેન્ટ માં બોર્ડર બનાવો

3) પેજ ના બેક ગ્રાઉન્ડ ( પૃષ્ટ ભાગ) માં કલર કરો .

4) હાંસિયા ને 4 પર સેટ કરો

5) આને વધુ સુદર બનાવવા માટે ઇન્ટરનેટ પર થી ચિત્રો જોડો.

પ્રશ્ન 6. નીચે આપેલા પ્રોજેક્ટ માંથી કોઈ એક પ્રોજેક્ટ તૈયાર કરો. ( જુઓ પાઠ 8)

a) આપેલ માહીતી ની એક એક્સેલ શીટ તૈયાર કરો. અને પ્રોસનો ના જવાબ આપો.

| A | B | C | D | E | F |
|---|---|---|---|---|---|
| **ABC કરિયાણાં ની દુકાન** | | | | | |
| **ક્રમ નં** | **વસ્તુ** | **જથ્થો** | **ભાવ** | **કુલ** | |
| 1 | સાબુ | 23 | 10 | | |
| 2 | ડિટર્જન્ટ | 24 | 45 | | |
| 3 | ટૂથ પેસ્ટ | 8 | 12 | | |
| 4 | ડેટોલ | 12 | 10 | | |
| 5 | બટર | 12 | 14 | | |
| 6 | રિફાઇન્ડ | 16 | 10 | | |

!) ઉપરોક્ત મારિતી ને આધારે એક્સેલ શીટ તૈયાર કરી સેવ કરો.

!!) સેલ E 3 , મા ફોરમૂલ્યા લખો .કુલ રકમ ની ગણતરી જથ્થો x દર પ્રમાણે કરવા.

!!!) વધુ માં વધુ જથ્થો જાણવા માટે C3 માં ફોરમૂલ્યા લખો.

!v) y અક્ષ પર કિંમત દર્શાવતો સ્તાંભાલેખ તૈયાર કરવાના પગલાં લખો.

b) "ઓપરેરટિંગ સિસ્ટમ" પર એક પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરો. જેમા નીચેની એક એક સ્લાઇડ તૈયાર કરો. ( જુઓ પાઠ 1)

1) ઓપરેરટિંગ સીસ્ટમ શુ છે?તેના માટે એક ઈમેજ દર્શાવો ?

2) ઓપરેરટિંરગ સિસ્ટમ ના પ્રકાર

3) કોમ્પ્યુટર ઓપરેરટિંગ સીસ્ટમ

4) મોબાઈલ ઓપરેરટિંરગ સીસ્ટમ.